

જાન્યુઆરી ૨૦૧૩
કિંમત ₹ ૧૨/-
દાદા ભગવાન પરિવારનું
અક્રમ
એક્સપ્રેસ
ગુરુકૃપા

# ગુરુકૃપા

## સંપાદકીય

*બાળમિત્રો,*

*ગુરુકૃપા માટે કવિએ એક સુંદર પદ લખ્યું છે,*

*મુંગા વાચા પામતા, પંગુ ગિરિ ચડી જાય.*
*ગુરુકૃપા બળ ઓર છે, અંધ દેખતા થાય.*

*અહો ! ગુરુકૃપા કેવું અદ્ભુત કામ કરે છે ! આ તો થઈ આધ્યાત્મિક ગુરુની વાત. પણ ગુરુ એટલે ગુરુ, પછી એ ધર્મના હોય કે સ્કૂલના હોય. ગુરુકૃપા બધા વિઘ્નો દૂર કરી ઠેઠ લક્ષ સુધી પહોંચાડી જ દે. એમાં બે મત નહીં.*

*જો ગુરુકૃપામાં આટલું બધું બળ હોય, તો એ પ્રાપ્ત કરવા આપણા તરફથી કેવું હોવું ઘટે એની સુંદર સમજણ પરમ પૂજ્ય દાદા ભગવાને અંકમાં આપી છે.*

*તો આવો, આપણે પણ આ સમજણ પ્રમાણે ચાલી ગુરુકૃપાના અધિકારી બનીએ અને સરળતાથી ધ્યેય સુધી પહોંચીએ. જોજો, તમારા મિત્રોને પણ આ અમૂલ્ય ચાવી આપવાનું ભૂલતા નહીં.*

-ડિમ્પલ મહેતા

## અનુક્રમણિકા


દાદાજી કહે છે... ૧
ગુરુનો વિનય ૫
કૃપાનું મહત્વ ૨
ચાલો રમીએ ૧૦
આ તો નવી જ વાત ! ૮
ઐતિહાસિક ગૌરવગાથાઓ ૧૨
તમારી જાતને ચકાસી જુઓ.... ૧૪
મીઠી યાદેં ૧૬
જન્મજંયતિ ફોટો ૧૭


# અક્રમ એક્સપ્રેસ


**તંત્રી તથા સંપાદક:**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૫, અંક : ૫
સળંગ અંક : ૫૩

**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
**અમદાવાદ:** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮

**રાજકોટ ત્રિમંદિર :** ૯૨૭૪૧૧૧૩૯૩
**વડોદરા :** (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
**મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
**U.S.A.:** ૭૮૫-૨૭૧-૦૮૬૯
**U.K.:** ૦૭૯૫૬૪૭૬૨૫૩
**Website:** kids.dadabhagwan.org

**Printed, Published and Owned by : Dimple Mehta on behalf of Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Published at Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printing Press:-**
**Amba Offset**
Basement, Parshvanath Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.




રસ્તામાં ઠેઠ સુધી ગુરુની જરૂર પડશે. અહીં આગળ સ્ટેશન પર જવું હોય તો ત્યાંય ગુરુ જોઈએ અને આપણને આ સ્કૂલમાં માસ્તરોની ક્યારે જરૂર હોય? આપણે ભણવું હોય તો ને? અને ભણવું ના હોય તો? જો લાભ જોઈતો હોય તો ગુરુ કરવા. તમારે ભણવું હોય તો માસ્તર કરો. શિષ્યથી પોતાથી કંઈ જ થઈ શકે નહીં. એ તો ગુરુની કૃપાથી બધું આગળ આગળ વધ્યે જાય. એટલે કોઈ પણ જ્ઞાન ગુરુ વગર પ્રાપ્ત થાય એવું છે જ નહીં.

પ્રશ્નકર્તા : ગુરુની કૃપા પ્રાપ્ત કરવા માટે શિષ્યે શું કરવું જોઈએ?


દાદાશ્રી : શિષ્યે કૃપા પ્રાપ્ત કરવા માટે ગુરુને રાજી રાખવાના. રાજી કરે એટલે કૃપા હોય જ એમના પર. કૃપાદૃષ્ટિ એટલે શું ? પોતાના કહ્યા પ્રમાણે કરતો હોય એટલે ગુરુ રાજી રહે, એનું નામ કૃપાદૃષ્ટિ અને કહ્યાથી અવળું કરે એટલે નારાજ થાય. એ આડું કરે તો કૃપા નાય હોય.

શિષ્ય મનમાં વિચાર કરે કે ગુરુમાં અક્કલ ઓછી છે જરા. આપણે આપણી મેળે વિચારીને કરી લો ને! એટલે શિષ્યને ગુરુ કહેશે કે 'આમ કરજે', તો શિષ્ય મોઢે 'હા' કહે, પણ પાછો કરે જુદું. પાછો શિષ્ય કહેશે, 'ગુરુ તો બોલે, ચક્રમ છે જરા.' આવું બધું ચાલે છે. ગુરુ કહેશે, તમારે અગિયાર વાગે અહીંથી ક્યાંય જવાનું નહીં. પછી મન કૂદાકૂદ કરે તોય નહીં જવાનું.

ગુરુની ભૂલ ન જોવી જોઈએ. ગુરુ જ્યારે કો'ક ફેરો જરાક વાંકું બોલે કે તારી જોડે ચિડાઈ ગયા તો એ ના જોઈશ હવે. ગુરુ કર્યા એટલે કર્યા, પછી એક પણ દોષ દેખાય નહીં એવી રીતે રહેજે.

ગુરુ પર અભાવ ના આવે તો આપણી શ્રદ્ધા ફળે. ગુરુ વખતે ગાંડું કાઢે તોય અભાવ ના રહે તો આપણી શ્રદ્ધા ફળે. પણ તમે તમારો ભાવ ના બગાડો તો. કારણ કે ગુરુની મહીં ભગવાન બેઠા છે જીવતા-જાગતા.

પ્રશ્નકર્તા : કૃપા ગુરુની જોઈએ, પણ શિષ્યે જ કરવું તો પડે ને?



દાદાશ્રી : કશું કરવાનું જ નથી, ફક્ત વિનય કરવાનો છે. આ જગતમાં કરવાનું છેય શું ? વિનય કરવાનો, બીજું શું કરવાનું ? ક્યારેય પણ આપણું મન એમની પ્રત્યે બગડે નહીં. પછી એક પણ દોષ દેખાય નહીં એવી રીતે રહેજે.

મહીં ગુરુ ગમે તેમ વર્તે પણ શિષ્ય આધીન રહે. જો ગુરુની આજ્ઞામાં રહ્યો તો થઈ ગયું કલ્યાણ!

# કૃપાનું મહત્વ

સોનગઢ નગરમાં ગુરુ દયાનંદની શિલ્પકળાનું વિદ્યામંદિર ખૂબ પ્રખ્યાત હતું. ગામેગામથી લોકો દયાનંદજીની શિલ્પકળા જોવા આવતા. આ વિદ્યાનું સિંચન દયાનંદજીએ એમના શિષ્યોમાં પણ ખૂબ કાળજીપૂર્વક કર્યું હતું.

દયાનંદજીનો પટ્ટશિષ્ય ઉત્પલ, આ વિદ્યામાં ખૂબ પારંગત થઈ ગયો હતો. નાનપણથી વિદ્યામંદિરના પ્રાંગણમાં ટાંકણા સાથે રમતો ઉત્પલ ક્યારે પોતે પથ્થર પર ટાંકણું ચલાવતો થઈ ગયો, એની એને ખબર પણ ન પડી. પોતાના ગુરુજીની જેમ, ઉત્પલની મૂર્તિઓની પણ ચારેકોર બોલબાલા હતી. ખેતર ખેડતો ખેડૂત, રમતું બાળક, ચણ ચણતા પક્ષીઓ વગેરે ઘણી મૂર્તિઓ ઉત્પલે બનાવી હતી. ઉત્પલના હાથ પથ્થરોમાં પ્રાણ પૂરી દેતા. એની મૂર્તિઓ જોઈને લોકોને લાગતું, જાણે હમણાં જ મૂર્તિઓ બોલી ઉઠશે!

જ્યારે ગામ આખું ઉત્પલની મૂર્તિના વખાણ કરતું, ત્યારે ગુરુજીની ચકોર આંખો એની કારીગરીમાં કંઈ ને કંઈ ભૂલ શોધી કાઢતી. ગુરુજી ઉત્પલને ભૂલ સુધારવા માટે કહેતા. ઉત્પલને ગુરુજીના વેણ વસમા લાગતાં. પણ જ્યારે એ ગુરુજીએ ચીંધેલી ભૂલોને સુધારતો, ત્યારે વધુ સારી મૂર્તિ બનતી. જેમ જેમ ઉત્પલ વધુ સારું કામ કરતો ગયો તેમ તેમ ગુરુજીની આંખો વધુ ને વધુ ચકોર થતી ગઈ અને એમને ઉત્પલની કંઈ ને કંઈ ભૂલ નજરે ચઢી જતી.

એક વાર ઉત્પલે રાજાની આબેહૂબ પ્રતિમા બનાવી. ઓળખાય નહીં કે રાજા કોણ ને પ્રતિમા કોણ! જ્યારે ગુરુજીએ આ મૂર્તિ જોઈ ત્યારે એમણે એક ભૂલ ચીંધી. ઉત્પલને ફેરફાર કરવા માટે કહ્યું. આ સાંભળી ઉત્પલની કમાન છટકી, "તમે મારી ભૂલ જ બતાવ્યા કરો છો! આખા ગામને લાગે છે કે શ્રેષ્ઠ મૂર્તિ બની છે અને તમને ભૂલો જ મળી આવે છે. તમને મારી કદર જ નથી. હું



નીચો પડું એમાં જ તમને રસ છે. તમારા કરતા હું નીચો દેખાઉં એવું જ ઈચ્છો છો ને તમે ? મારી પ્રગતિ તમારાથી નથી ખમાતી.'' એ ગુસ્સામાં બોલ્યે જ જતો હતો.

આ સાંભળી ગુરુજીને આઘાત લાગ્યો. પોતાનો સૌથી કુશળ શિષ્ય આવો અવિનય કરશે એવી એમને ક્યારેય કલ્પના નહોતી. દયાનંદજી પોતે પોતાના ગુરુનો વિનય કદી નહોતા ચૂક્યા. તેઓએ હંમેશા ગુરુકૃપાને જ પોતાની કુશળતાનું કારણ જણાવ્યું હતું. ગુરુની કૃપાદૃષ્ટિથી જ એમની પ્રગતિ થઈ છે એવી એમની દૃઢ શ્રદ્ધા હતી અને આજે ઉત્પલના આવા વસમા વેણ અને અવિનયથી તેઓ ખૂબ નિરાશ થઈ ગયા. ઉત્પલ પરથી એમની કૃપાદૃષ્ટિ જાણે ઊડી ગઈ. તેઓ એકદમ મૌન થઈ ગયા.

એ પછી ઉત્પલે બે-ચાર મૂર્તિઓ બનાવી. ગુરુજીએ એ મૂર્તિઓમાં કોઈ ભૂલ ના કાઢી. ગુરુજીના આ વલણથી ઉત્પલને મનમાં થયું, ''હમમમ, હવે એમનો અહંકાર ઉતર્યો. હવે એ ઠેકાણે આવ્યા. એમને સમજાયું કે હું કેટલો શ્રેષ્ઠ શિલ્પકાર છું.''

થોડા દિવસો પછી રાજાએ ઉત્પલે બનાવેલી પ્રતિમા જોઈ. પોતાની આબેહુબ પ્રતિમા જોઈ તેઓ ખૂબ પ્રસન્ન થયા.

ઉત્પલની કળાની પ્રશંસા વ્યક્ત કરતા રાજાએ કહ્યું, ''ઉત્પલ, અમે તારી શિલ્પકળાથી ખૂબ પ્રભાવિત થયા છીએ. આપણા રાજ્યમાં



માતાજીનું મંદિર બંધાય છે. એમાં માતાજીની ભવ્ય પ્રતિમા બનાવવાનું કામ અમે તને સોંપીએ છીએ.”

બીજા જ દિવસથી ઉત્પલ માતાજીની પ્રતિમા બનાવવાના કામમાં લાગી ગયો. એક મહિનો વીત્યો, બે મહિના વીત્યા પણ કેમે કરીને પ્રતિમા સંતોષકારક બનતી નહોતી. પ્રતિમા બની ગયા હોવા છતાંય કંઈક ખૂટતું હોય એવું ઉત્પલને લાગતું હતું. એને ખૂબ ગૂંચવાડો થઈ રહ્યો હતો. ખૂબ મૂંઝાયો ત્યારે એને ગુરુજીના માર્ગદર્શનની ખોટ સાલી. એને સમજાયું કે ગુરુજી જ્યારે એની ભૂલો કાઢતા હતા ત્યારે એની પ્રગતિ થતી હતી. જે ભૂલ ગુરુજી ચીંધતા, એ ભૂલને સુધારવા માટે એ વધુ ઝીણવટથી અને ધગશથી કામ કરતો. પણ જ્યારે ગુરુજીએ એની ભૂલ કાઢવાનું બંધ કર્યું, ત્યારથી એની પ્રગતિ રૂંધાઈ ગઈ હતી.

પ્રતિમાને સુધારવા માટે ઉત્પલ ગુરુજી પાસે માર્ગદર્શન લેવા ગયો. ગુરુજીએ નિખાલસતાથી ઉત્પલને ભૂલ બતાવી અને અમુક ફેરફારો કરવાની સૂચના આપી. પછી ખૂબ પ્રેમથી ગુરુજીએ કહ્યું, “બેટા, તારી પ્રગતિ થાય એમા હું રાજી જ હોઉં. તારી પ્રગતિ એ જ મારી ભાવના હોય. મારો શિષ્ય મારાથી સવાયો થાય એમાં મને આનંદ જ હોય. દુનિયાને વખાણ કરવામાં શું વાંધો આવે ? પણ ભૂલ તો પરીક્ષકને જ ખબર પડે ને!”


આ સાંભળી ઉત્પલ ગુરુજીના પગે પડી ગયો. પોતાના અવિનયનો એને ખૂબ ખેદ થયો. પશ્ચાતાપના આંસું સાથે એણે દિલથી ગુરુજીની ક્ષમા માંગી. ગુરુજીએ ચીંધેલી ભૂલોને કાળજીથી સુધારી, એણે માતાજીની ભવ્ય પ્રતિમા બનાવી. માતાજીની અદ્ભુત અને ભવ્ય પ્રતિમા જોઈ આખું ગામ ભાવવિભોર થઈ ગયું. રાજા પણ ઉત્પલની કારીગરીથી ખૂબ પ્રસન્ન થયા ત્યારે ઉત્પલે કહ્યું, “આ તો ગુરુની કૃપાથી થયું છે, મારાથી નહીં.”


અને આમ રાજ્યમાં આનંદ અને ઉલ્લાસથી મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો.

જોયું, ગુરુનો અવિનય કરવાથી કૃપા ઉતરી જાય છે. ગુરુને વિનય કે માનની જરૂર નથી, એ આપણી પ્રગતિ માટે છે.





પહેલાના વખતની વાત છે. એ દિવસોમાં વિદ્યાર્થીઓ ગુરુકુળમાં ભણવા જતા. ગુરુજી પાસે રહીને બધી વિદ્યાઓ ધારણ કરતા.
ગુરુનો વિનય
ગુરુજી, આજે પરીક્ષામાં રાઘવ ચોરી કરતો હતો.
સારું. હું તપાસ કરીશ.
થોડા દિવસ પછી,
ગુરુજી, આજે મેં રાઘવને પાડોશીની વાડીમાંથી ફળ ચોરી કરતો જોયો.
સારું મહિપાલ. હું એને યોગ્ય શિક્ષા કરીશ. પણ બેટા, તું તારા ભણતર પર ધ્યાન રાખ. કાલની ગણિતની પરીક્ષા માટે બધી તૈયારી થઈ ગઈ છે ને ?
પરીક્ષાનું પરિણામ જાહેર કરતા,
મહિપાલ, તારી પાસેથી મને આ આશા નહોતી. ગણિતમાં તારી કુશળતા પર મને સહેજે સંશય નહોતો. પણ તારા ઉત્તર જોઈને મને ખૂબ નિરાશા થઈ છે. કાલે આ બધા પાળા (ઘડીયા) સો વાર લખીને આવજે.
કુટિરમાં
ગુરુજી પક્ષપાતી છે ! મારી આટલી નાની ભૂલ માટે મને કેટલી મોટી સજા કરી ! અને પેલો રાઘવ ધનવાન હોવા છતાંય ચોરીઓ કરે છે. એને ગુરુજી કશું કહેતા નથી. ચોક્કસ રાઘવના બાપુજી પાસેથી એમને ભેટસોગાદો મળતી હોવી જોઈએ. એટલે જ ચૂપ રહે છે.
મહિપાલ, ગુરુજી માટે આવા શબ્દો ના બોલ. ક્યારેક આપણને ગુરુજીનો આશય ના પણ સમજાય. પણ એથી કરીને એમનો અવિનય ના કરાય. એમનો અવિનય કરીશ તો એમની પાસેથી વિદ્યા કેવી રીતે ગ્રહણ કરીશ ?
સારું સારું, તને જ્યારે સજા થાય ત્યારે આ મોટી મોટી વાતો તને યાદ કરાવીશ.


બીજા દિવસે મહિપાલે રાઘવને ફરી ચોરી કરતા જોયો. એને ખૂબ અકળામણ થઈ.
ગુરુજી, રાઘવનું આવું વર્તન અમારાથી નહિ નભાવાય. આજે ને આજે એને ગુરુકુળમાંથી બહાર કાઢો.
મહિપાલ, તું તો કેટલો સમજદાર છે કે તને સારા-નરસાનો વિવેક સમજાઈ ગયો છે. તું તો ગમે ત્યાં જઈને ભણી શકે છે. પણ રાઘવને તો હજુ સારા-ખોટાનો ભેદ પણ નથી સમજાયો અને મારે એને એ જ શીખવવાનું છે.
આ સાંભળી મહિપાલ એકદમ ચૂપ થઈ ગયો. શ્યામલની ટકોર એને યાદ આવી અને ગુરુજીનો આશય અમને સમજાયો.
થોડા દિવસો પછી,
શ્યામલ, આ શું લખ્યું છે ? વ્યાકરણમાં આવી ભૂલો ના ચલાવી લેવાય. આ પાઠ કાલે પાંચ વાર લખીને આવજે.
કુટીરમાં આવીને શ્યામલે ગુરુજીએ ફરમાવેલી સજાને ખૂબ કાળજીપૂર્વક પૂરી કરી. બીજા દિવસે ગુરુજીએ ફરી એને અન્ય વિષય માટે સજા કરી અને આમ ઘણા દિવસો સુધી ચાલ્યું. કોઈકને કોઈક બાબતે શ્યામલને સજા મળતી. અને શ્યામલ સહેજ પણ ગુરુ પ્રત્યે વિનય ચૂક્યા વગર, એમને કહેલી બાબત કાળજીપૂર્વક કરતો.


એક સાંજે શ્યામલ કુટીરમાં બેસીને ગુરુજીએ ફરમાવેલી સજા પર કામ કરતો હતો.
શ્યામલ, ગુરુજી તને આટલી બધી સજા કરે છે, છતાંય તને એમના માટે કોઈ નકારાત્મક ભાવ નથી થતો ? હું તો કેવી નાની અમથી બાબતમાં છંછેડાઈ ગયો હતો. તું અંદર શું ગોઠવણી કરી છે કે તને એમના પ્રત્યે સહેજે અવિનય નથી થતો ?
થોડું વિચારીને,
મારા બાપુજી લુહાર છે. એમની દુકાનમાં લોખંડ આવે અને એ લોખંડમાંથી તેઓ છરીઓ બનાવે. પણ તને ખબર છે કે એ છરી બનાવવાની પ્રક્રિયા શું હોય ?
ના.
લોખંડ લાલ લાલ થાય ત્યાં સુધી પિતાજી એને ગરમ કરે. પછી ખૂબ જોરથી હથોડા વડે લોખંડને મારી એનો ઘાટ તૈયાર કરે અને પછી ઠંડા પાણીમાં એ લોખંડને નાખે. આખી દુકાન વરાળથી ભરાઈ જાય. અને આ પ્રક્રિયા તેઓ ઘણી બધી વાર કરે.
મહિપાલને પોતાના પ્રશ્નનો જવાબ તો નહોતો મળ્યો પણ છતાંય તે રસપૂર્વક સાંભળી રહ્યો હતો.
ઘણી વાર લોખંડ આ પદ્ધતિ ના સહન કરી શકે અને ભાગી જાય. પિતાજી એ લોખંડને ભંગારમાં ફેંકી દે.
થોડી વાર થોભીને, શ્યામલે મહિપાલના મૂળ પ્રશ્નનો જવાબ આપ્યો.
જેમ પિતાજી લોખંડને મારીને એનો ઘાટ તૈયાર કરે છે, એમ ગુરુજી પણ મારું ઘડતર કરી રહ્યા છે. જ્યારે ગુરુજી મને સજા આપે છે, ત્યારે મારી અંદર આ જ ગોઠવણ હોય છે. ગુરુજી મારા હિત માટે જ કરી રહ્યા હોય તો પછી હું એમનો અનાદર કે અવિનય કેવી રીતે કરી શકું ?
આ સાંભળી મહિપાલ ખૂબ પ્રભાવિત થઈ ગયો.
બિલકુલ ખરી વાત છે. મારા અવિનયથી હું તો પેલા ભંગારમાં ફેંકાતા લોખંડની જેમ ફેંકાઈ ગયો હોત, પણ આ વાત કરી તેં મને બચાવી લીધો.
મોઢા પર સ્મિત સાથે, શ્યામલ ફરી પોતાના કામે વળગી ગયો.

# આ તો નવી


તમે જેને સમર્પણ થાઓ, તેનામાં જે તાકાત હોય એ આપણને પ્રાપ્ત થઈ જાય. તાકાત એટલે શારીરિક નહીં પણ જ્ઞાનમાર્ગે આગળ વધવાની શક્તિ.
ગુરુ ને શિષ્ય વચ્ચે તો પ્રેમનો આંકડો એવો સરસ હોય કે ગુરુ જે બોલે એ એને બહુ ગમે, એવો તો પ્રેમનો આંકડો હોય.



૯ જાન્યુઆરી ૨૦૧૩
જ વાતા !
શિષ્ય પછી કંટાળી જઈને કહેશે કે 'આ બરકત વગરના ગુરુ મળ્યા છે !' એવું એક જ ફેરો બોલે ને તે બધું કર્યું-કરાવ્યું ખલાસ થઈ જાય ! માટે ગુરુ પાસે જો કદી આધીન ના રહ્યો હોય તો ક્ષણવારમાં બધું ઊડાડી દે !
ગુરુની આજ્ઞા જો પાળીએ ને તો એને ગુરુદક્ષિણા પહોંચી જાય.

# ચાલો રમીએ..

## ૨. આ આકૃતિમાં તમને કેટલા ચહેરા દેખાય છે એ ગણી બતાવો.



## ૧. નીચે આપેલા આડા અવળા શબ્દને ક્રમમાં ગોઠવો.


૧. પડે ને !" ભૂલ કરવામાં પરીક્ષકને તો દુનિયાને ખબર વખાણ શું આવે વાંધો ન ? પણ

૨. પ્રગતિ આપણી કે માનની એ વિનય માટે છે. ગુરુને જરૂર નથી,

૩. પ્રાપ્ત થઈ વધવાની શક્તિ. સમર્પણ શારીરિક તાકાત હોય નહીં પણ તમે જેને તાકાત આપણને તેનામાં થાઓ, જે એ આગળ જાય. જ્ઞાનમાર્ગે એટલે

૪. જો ગુરુની શિષ્ય મહીં ગુરુ વર્તે પણ રહ્યો તો ગમે તેમ આજ્ઞામાં ગયું કલ્યાણ ! રહે. થઈ આધીન

## ૪. દર્શાવેલી આકૃતિમાં દિવાસળીની મદદથી ૧૦ સરખા ત્રિકોણ બનાવવામાં આવ્યા છે, તેમાંથી ઓછામાં ઓછી દિવાસળીઓ કાઢીને ૪ ત્રિકોણ બનાવો.




## ૩. વાક્યો જોડો.

| | |
|---|---|
| ૧. ગુરુની મહીં ભગવાન | A. પ્રાપ્ત થાય એવું છે જ નહીં. |
| ૨. ગુરુ પર અભાવ ના આવે | B. કૃપા ઉતરી જાય છે. |
| ૩. કોઈ પણ જ્ઞાન ગુરુ વગર | C. બેઠા છે જીવતા-જાગતા. |
| ૪. ગુરુનો અવિનય કરવાથી | D. તો આપણી શ્રદ્ધા ફળે. |

## ૫.

નીચે આપેલો કોયડો પૂરવા માટે આપેલી ઊભી અને આડી ચાવીનો ઉપયોગ કરો.




### આડી ચાવી.

૨. ૭ ઊભી – ૪૮૨.
૪. એક વરસમાં આવતા અઠવાડિયાની ગણતરી.
૫. ૪ અઠવાડિયમાં આવતા દિવસોની ગણતરી.
૭. ૭ x ૯.
૮. ૮૬૧૭ ને ગોઠવો.
૧૦. ૧૫ ઊભી + ૪૨.
૧૨. ૧૦૦નો ૧/૪ ભાગ.
૧૩. ૧૦,૪૮૬નું અડધું.
૧૫. ૧૦ આડીનું અડધું.
૧૬. ૪ આડીનો ૧/૪.
૧૭. ૪ x ૨૨.
૧૮. ૮૨ + ૬૨ + ૭૮.

### ઊભી ચાવી.


૧. ૪ x ૮.
૨. ૧૨ આડી – ૧૬ આડી.
૩. ૧૬૪૦ x ૨.
૪. ૬ ઊભી – ૫ આડી.
૬. ૯ x ૯.
૭. ૫ x ૧૨૧.
૯. ૧૪૫૦ નું અડધું.
૧૧. ૭૧૬ x ૨.
૧૪. ૬૩ નો ૧/૩.
૧૫. ૨ દિવસમાં આવતા કલાકોની ગણતરી.
૧૭. ૪૧ x ૨.
૧૯. ૧૦૦ ÷ ૫.

## ૬.

આ આકૃતિમાં જે સફરજન છે એને, ૩ લીટીની મદદથી સાત વિભાગમાં એવી રીતે ગોઠવો કે દર એક વિભાગમાં એક સફરજન આવે.



# ઐતિહાસિક ગૌરવગાથાઓ




ચંપાનગરીમાં મહારાજા દધિવાહન રાજ કરતા હતા. મહારાણીનું નામ ધારિણી હતું. રાજા ધર્મપ્રેમી અને પ્રજાવત્સલ હતા. એમને એક પુત્રી હતી. એનું નામ વસુમતી હતું, જેને આપણે સતી ચંદનબાળાના નામે ઓળખીએ છીએ. ધર્મના સંસ્કાર વસુમતી જાણે પૂર્વભવથી જ લઈને આવેલી હોય એવું હતું. નાની વયમાં મિત્રો-મિત્રો વચ્ચે જ્યારે ઝઘડા થતા ત્યારે વસુમતી બધાને વીતરાગ ભગવાનનો બોધ આપી શાંત કરતી. આમ વર્ષો પસાર થતા ગયા. વસુમતી યુવાન થઈ. રૂપ રૂપના અંબાર જેવી વસુમતી યુવાન વયે પણ ધર્મની ઉપાસનામાં શ્રેષ્ઠ હતી.

એક દિવસ કૌશાંબીનગરીના રાજા શતાનીકે ચંપાનગરી પર ચડાઈ કરી. અચાનક આક્રમણથી ભયભીત થઈ રાજા દધિવાહન નાસી છૂટ્યા. માતા ધારિણી અને પુત્રી વસુમતી બંનેને રથમાં બેસાડીને એક સૈનિક લઈ ચાલ્યો. સૈનિકની મહારાણી ધારીણી પ્રત્યે દૃષ્ટિ બગડી. સૂમસામ જંગલમાં એણે રથ ઉભો રાખ્યો. અચાનક રથ ઉભો રાખવાનું કારણ પૂછતા એ મોટે મોટેથી હસ્યો અને રાણી ધારિણીને પોતાની રાણી બનવા કહ્યું.

સૈનિકની દાનત બગડેલી જાણી એણે પોતાની વીંટીમાંથી હીરો કાઢી ચૂસી લીધો અને મૃત્યુને સ્વીકાર્યું. માતાના મૃત્યુ પર વસુમતી કલ્પાંત કરવા લાગી અને સૈનિક

તો સ્તબ્ધ જ થઈ ગયો. વસુમતી સૈનિકને પોતાને છોડી દેવા માટે કરગરવા લાગી. સૈનિકે વિચાર્યું, જો વસુમતી પણ માતાની જેમ મૃત્યુને સ્વીકારશે તો મારા હાથમાં કંઈ જ નહીં આવે. એમ વિચારી તે વસુમતીને લઈને કૌશાંબી નગરીમાં આવ્યો. એણે વસુમતીને ભરબજારે વેચવા માટે ચૌટામાં (નગરની વચ્ચોવચ)ઊભી રાખી.

અહો ! શું કર્મની લીલા છે ! રાજકુમારી રૂપે જન્મેલી અને લાડકોડમાં ઉછરેલી વસુમતી આજે અસહાય અને નિરાધાર સ્થિતિમાં ભરબજારે ઊભેલી છે. આવી સ્થિતિમાં પણ વસુમતી ભગવાનના બોધને ભૂલી નથી. બહાર દુઃખદ પરિસ્થિતિ છતાં અંદર તે સમતામાં છે. મારું પાપ કર્મ અત્યારે મને આ ફળ આપી રહ્યું છે, એમાં કોઈનો દોષ નથી. સૈનિક તો આમાં નિમિત્ત માત્ર જ છે. આમ શુભ ભાવ ભાવતા ભાવતા એ ઊભી છે.

એના રૂપથી આકર્ષાઈને ઘણા લોકો એને ખરીદવા આવે છે પણ જોઈતી કિંમત વધુ હોવાથી કોઈ એને ખરીદી શકતું નથી.

એટલામાં ત્યાંથી શેઠ ધનાવહ પસાર થાય છે. એ સંસ્કારી શેઠની નજર ચૌટે વેચવા ઊભી રાખેલી આ કુમળી બાળા પર પડી. વસુમતીને જોઈને જ આ કોઈ ઉચ્ચ કુળની કન્યા છે અને પાપ કર્મને લઈને અત્યારે આ હાલમાં છે એવું કળી જતા, એ દુરાચારી વ્યક્તિઓના હાથમાં ન જતી રહે અને બચી જાય એ આશયથી એમણે સૈનિકને જોઈતી રકમ આપી વસુમતીને ખરીદી લીધી.

"આવી સ્થિતિમાં પણ વસુમતી ભગવાનના બોધને ભૂલી નથી."

-વધુ આવતા અંકે



# તમારી જાતને ચકાસી જૂઓ......

## નીચે આપેલા પ્રસંગમાંથી શોધો કે કોણે ગુરુકૃપા મેળવી અને કોણ ગુરુકૃપાથી વંચિત રહ્યું ?

"આવતા સોમવારે ભુગોળની ટેસ્ટ માટે રેડી થઈ જજો. આ ટેસ્ટ બહુ જ અગત્યની છે. એટલે ખાસ ધ્યાન રાખીને ભણજો." કોઠારી સરે ક્લાસમાં જાહેર કર્યું.

"ઓહ નો ! ફરી બીજી ટેસ્ટ. હજી દસ દિવસ પહેલા જ તો ભુગોળની ટેસ્ટ હતી. કોઠારી સર આટલા નિર્દય કેમ છે ?" કોઠારી સરનો કલાસ પત્યો એટલે મોઢું બગાડી શશાંક બોલ્યો.

પ્રણય, "કોઠારી સરનું મગજ ઠેકાણે નથી. એ તો બોલ્યા કરે ! આપણે તો સાંજે પ્લાન મુજબ ક્રિકેટ મેચ જોઈશું. દીપ, આવીશને સાંજે મારા ઘરે મેચ જોવા ?"

દીપ, "ના યાર, સરે કહ્યું ને કે ટેસ્ટ બહુ મહત્વની છે. એટલે હું તો આજે સાંજે ટેસ્ટ માટે ભણીશ."

સાંજે શશાંકને મેચ જોવાનું મન થયું પણ પછી મનમાં વિચાર આવ્યો, "સરે કહ્યું છે કે ટેસ્ટ બહુ મહત્વની છે, તો મારે ભણવું જોઈએ. સરનું કહ્યું માનવું જોઈએ." એટલે મેચ જોવાનું કેન્સલ કરી શશાંક ભણવા બેઠો.

બીજા દિવસે કોઠારી સર કલાસમાં આવ્યા ત્યારે કલાસમાં ખૂબ અવાજ હતો. એકદમ ગુસ્સામાં સર બોલ્યા, "શશાંક, તને કલાસનો મોનિટર કેમ બનાવ્યો છે ? ખાલી બેસી રહેવા માટે ? આટલો બધો અવાજ કેમ છે કલાસમાં ?"

"આઈ એમ વેરી સોરી સર. હું ટેસ્ટની તૈયારીમાં તલ્લીન થઈ ગયો હતો. ફરી આવી ભૂલ નહિ થાય." શશાંકે વિનયપૂર્વક જવાબ આપ્યો.

કલાસ શરૂ થયો એટલે સરે બધાને ગ્રેડેડ હોમ-વર્ક પાછું આપ્યું. પાછું આપતી વખતે સરે સુહાસના ડ્રોઈંગના ખૂબ વખાણ કર્યા. એ સાંભળી પ્રણયને મનમાં થયું, "કેવા પક્ષપાતી છે ! હંમેશા સુહાસના જ વખાણ કરતા હોય છે."

થોડા દિવસ પછી, ભુગોળની ટેસ્ટનું પરિણામ જાહેર કરતા સરે કહ્યું, "આઠમા ધોરણના વિદ્યાર્થીઓ શૈક્ષણિક ટુર માટે જઈ રહ્યા છે. જયા મેં પ્રિન્સીપાલ સરને આપ સૌને પણ એ ટુરમાં લઈ જવા માટે વિનંતી કરી, ત્યારે સરે મને આપ સૌની ફરી ટેસ્ટ લેવા માટે સૂચન કર્યું અને કહ્યું કે જે આ ટેસ્ટમાં સારા માર્કસ સ્કોર કરશે એમને લઈ જવામાં આવશે. એટલે બાળકો, આપ સૌની ફરી ટેસ્ટ થઈ !"

# હવે મિત્રો તમે કહો, કે આ ટુરમાં કોની પસંદગી થઈ ?

નીચે આપેલા ટેબલ મુજબ, શશાંક, દીપ અને પ્રણયે ગુરુકૃપા મેળવી કે વંચિત રહ્યા એનું એમના દરેક વિચાર, વાણી કે વર્તન પરથી મૂલ્યાંકન કરો અને એમના ગુરુકૃપા પોઈન્ટ્સ ગણતરી કરો. જેને ૧૦૦ કે વધુ ગુરુકૃપાના પોઈન્ટ્સ મળ્યા હોય એની પસંદગી ટુર માટે કરવામાં આવશે. તમારા અનુસાર ટુરમાં જવા માટે કોની પસંદગી કરવી જોઇએ ?

## દરેકના સ્કોરનું થોડા શબ્દોમાં છણાવટ કરો.

| ગુરુકૃપા ધરાવતા (+ ૧૦૦ પોઈન્ટ્સ) | ગુરુકૃપાથી વંચિત રહેવા (-૧૦૦ પોઈન્ટ્સ) |
|---|---|
| ૧. ગુરુના કહ્યા પ્રમાણે કરવું. | ગુરુના કહ્યાથી ઊંધું કરવું. |
| ૨. ગુરુનો વિનય સાચવવો. | ગુરુ પ્રત્યે અવિનય અને અભાવ. |
| ૩. ગુરુ પ્રત્યે ક્યારેય મન ના બગાડવું. | ગુરુના દોષ જોવા. |

૧. શશાંક :

૨. પ્રણય :

૩. દીપ :

જવાબ :

ટુર માટે શશાંક અને દીપની પસંદગી થશે.

શશાંક : -૧૦૦ (સરને નિર્દય કહેવા માટે) + ૧૦૦ (મેચ જોવાની ઈચ્છા હોવા છતાંય, સરના કહ્યા મુજબ ભણવા માટે) + ૧૦૦ (સરના કઠોર શબ્દનો વિનયપૂર્વક જવાબ આપવા માટે) = ૧૦૦

દીપ : ૧૦૦ (સરના કહ્યા પ્રમાણે ભણવાનો નિર્ણય કર્યો)

પ્રણય : - ૧૦૦ (સરના દોષ જોયા અને એમના કહ્યાથી ઊંધું કરવાનું વિચાર્યું) + (- ૧૦૦) (સર પક્ષપાતી છે, એવા દોષ જોવા બદલ) = - ૨૦૦

# મીઠી યાદું



એક બહેન હતા. એમને નીરુમા પ્રત્યે ખૂબ ભક્તિ હતી. એ જ્યારે પણ નીરુમાને મળે કે સત્સંગમાં જાય ત્યારે એ નીરુમાને પોતાના હાથે ગૂંથેલી ફૂલની માળા અચૂક પહેરાવતા. એમનો ભક્તિભાવ જોઈ નીરુમા પણ એ માળા પહેરી જ રાખતા, કાઢતા નહીં. આ જોઈને પેલા બહેનને ખૂબ આનંદ થતો.

વખત જતા એ બહેનનો સંજોગ નીરુમા સાથે રહેવાનો આવ્યો. ત્યાં પણ એમણે રોજનું માળા ગૂંથી પહેરાવવાનું ચાલુ જ રાખ્યું. ધીમે ધીમે એવું થતું ગયું કે એ બહેનને માળા ગૂંથવાનો સમય ન મળ્યો હોય તો ચાલુ સત્સંગે એ માળા ગૂંથતા અને સત્સંગ પૂરો થાય ત્યારે નીરુમાને પહેરાવતા. આમ સત્સંગ સાંભળતા સાંભળતા માળા ગૂંથતા. ઘણી વાર સત્સંગ પૂરો થઈ જાય તોય એમનું માળા ગૂંથવાનું ચાલુ હોય અને ઘણી વાર કામ હોય તોય એ કામ પડતું મૂકીને માળા ગૂંથવા બેસી જાય.

એક વખત દર વખતની જેમ એ બહેને નીરુમાને માળા પહેરાવી. નીરુમા બોલ્યા, "હવે આ માળા બનાવવાનું બંધ કર અને આપ્તવાણી વાંચવાનું શરૂ કર." એ દિવસથી એ બહેનનું ધ્યાન માળા બનાવવાની બદલે વાંચન અને કામમાં કેન્દ્રિત થઈ ગયું.

જોયું મિત્રો, નીરુમા ભક્તિને પ્રોત્સાહન આપતા હતા. પણ એ જ ભક્તિ જ્યા વ્યસન બની ગઈ, એટલે કે કામ કે સત્સંગને બાજુ પર મૂકીને ફક્ત માળા બનાવવામાં જ પડી રહ્યા ત્યારે નીરુમાએ એને એક ઝાટકે કાપી નાખ્યું અને નોર્માલિટીમાં લાવી આપ્યા.

\- \- \- \- \-

પુસ્તકો અને દાદાવાણીનું કામ પૂરા જોશમાં ચાલુ હતું. આપણી સંસ્થામાં બધું નવું નવું ડેવલપ થઈ રહ્યું હતું. એક વખત એક પુસ્તકનું કવરપેજ તૈયાર કરીને એક ભાઈ નીરુમાને બતાવવા આવ્યા હતા. એ ભાઈએ પહેલી વખત કવરપેજ બનાવ્યું હતું, તેથી તેઓ બહુ ખુશ હતા. નીરુમાને બતાડ્યું. નીરુમાને કવરપેજ થોડું ઓછું ગમ્યું. એમણે કહ્યું, "જે ટોપિક પર આ પુસ્તકમાં વાતો છે, એનો આશય હજી કવરપેજ પર પકડાતો નથી."

પેલા ભાઈ કહે, "ના નીરુમા, આને આવી રીતે જોવાનું, આવી રીતે સમજવાનું."

તરત જ નીરુમાએ કવરપેજ ઓકે કરી નાખ્યું કે બરાબર છે અને એ જ કવરપેજ સાથે પુસ્તક બહાર પડ્યું.

જોયું મિત્રો, નીરુમા કોઈ વ્યક્તિનો ભાવ ન તોડતા. એમણે વ્યવહારની કિંમત જ મૂકેલી નહીં. તેથી સામો જરાક પકડ પકડે કે તરત પોતે છોડી દઈ શકતા. સામાના આનંદ ખાતર પણ પોતે છોડી દેતા.

# પઝલના જવાબ

**૧.**

૧. દુનિયાને વખાણ કરવામાં શું વાંધો આવે ? પણ ભૂલ તો પરીક્ષકને જ ખબર પડે ને!"

૨. ગુરુને વિનય કે માનની જરૂર નથી, એ આપણી પ્રગતિ માટે છે.


૩. તમે જેને સમર્પણ થાઓ, તેનામાં જે તાકાત હોય એ આપણને પ્રાપ્ત થઈ જાય. તાકાત એટલે શારીરિક નહીં પણ જ્ઞાનમાર્ગે આગળ વધવાની શક્તિ.

૪. મહીં ગુરુ ગમે તેમ વર્તે પણ શિષ્ય આધીન રહે. જો ગુરુની આજ્ઞામાં રહ્યો તો થઈ ગયું કલ્યાણ!

**૨.** ૧૦

**૩.**
૧-C
૨-D
૩-A
૪-B.

**૪.**



**૫.**



**૬.**



## પરમ પૂજ્ય દાદાશ્રીના ૧૦૫માં જન્મજયંતિ મહોત્સવની ઝલક



પરમ પૂજ્ય દાદાશ્રીનું પૂજન કરતા પૂજ્યશ્રી





વિવિધ સાંસ્કૃતિક નૃત્યો દ્વારા જન્મજયંતિ મહોત્સવનો શુભારંભ














Akram Express

January 2013
Year : 5, Issue : 5
Conti. Issue No.: 53

BAL VIGNAN
Fun 'n' Gnan with Dada

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/27/2012
valid up to 30-6-2014
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

# ચિલ્ડ્રન પાર્ક – બાળવિજ્ઞાન ડોમની ઝલક




**અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સૂચના**

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##.**

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College,Usmanpura, Ahmedabad-14.